
ગાંધીનગર સમાચાર

એક્ટ ફાઉન્ડેશન અને નેહરુ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાત દ્વારા

# નેશનલ એવોર્ડ અંતર્ગત માહિતી આપતા રાષ્ટ્રીય કક્ષાનાં ઓનલાઈન વેબિનારનું આયોજન




ગાંધીનગર, તા. ૧૯

એક્ટ ફાઉન્ડેશન (Alliance Contriving Transfromation Foundation) અને નેહરુ યુવા કેન્દ્ર સંગઠન-ગુજરાત, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ-ભારત સરકાર દ્વારા નેશનલ એવોર્ડ અંતર્ગત માહિતી આપતા રાષ્ટ્રીય કક્ષા નાં ઓનલાઈન વેબિનાર નું આયોજન કરવામાં આવ્યું. જેમાં દેશ નાં ૨૧ થી વધારે રાજ્યો નાં કુલ ૧૨૩ જેટલા લોકો એ ભાગ લીધો હતો. કાર્યક્રમ ની શરૂઆત શ્રીમતી. મનીષાબેન શાહ, સ્ટેટ ડીરેક્ટર, શીવાદાયલ શર્મા, ડેપ્યુટી ડીરેક્ટર, પવનકુમાર અમ્રાવત, ડેપ્યુટી ડીરેક્ટર, નેહરુ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાત દ્વારા કરવામાં આવી હતી.

જેમાં તેઓ એ રાષ્ટ્રીય યુવા પુરસ્કાર અને એન.એસ.એસ. પુરસ્કાર અંગે ની અસરકારક માહિતી આપી હતી. ત્યારબાદ રાષ્ટીય યુવા પુરસ્કાર વિજેતા, પ્રતિક બચાણી દ્વારા બન્ને પુરસ્કારની ઓનલાઈનઅરજી કેવી રીતે કરવી અને તેનું પ્રેઝન્ટેશન કેવી રીતે બનાવવું તેની સંપૂર્ણ માહિતી આપી હતી. આ સમગ્ર વેબિનાર અંતર્ગત રાષ્ટ્રીય પુરસ્કાર માટે કેવી રીતે તૈયારી કરવી તેના વિશે વિસ્તારપૂર્વક સમજણ આપવામાં આવી હતી. જેનું સમગ્ર સંચાલન એક્ટ ફાઉન્ડેશનનાં કાર્યકર્તા પીનાકીન રાઠોડ, અને ચાર્મી પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા 'માતૃત્વ એક વરદાન' વિષય પર વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧૯

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને સમર્પણ ધ્યાન યોગના સયુક્ત ઉપક્રમે એક રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો વિષય 'માતૃત્વ એક વરદાન, દિવ્ય સંતતિનું અવતરણ' (ગર્ભ સંસ્કાર) રાખવામાં આવ્યો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ પ્ર. શાહે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યો અને ઉદ્દેશો વિશે માહિતી આપી હતી. શ્રી શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશનના સ્વામી શ્રી શિવકૃપાનંદજી મહારાજે ઉત્તમ સંતતિ મેળવવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જયારે ભાવનગરના સાંસદ શ્રીમતી ભારતીબેન શિયાળે ગર્ભ સંસ્કાર અને બાળ વિકાસના ક્ષેત્રમાં કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને શ્રી શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશન આ બંને સંસ્થાઓ આધ્યાત્મિક અને શૈક્ષણિક સમન્વય સાધીને સુંદર કાર્યો કરી શકશે તેવી આશા સેવી હતી. કાર્યક્રમનું સંચાલન અધ્યાપક ડો.જય ઓઝાએ કર્યુ હતું. ગર્ભ સંસ્કાર અને દિવ્ય સંતતિ અવતરણ વિષયના આ વેબિનારનો અનેક ભાવકોએ લાભ લીધો હતો.

# આવતીકાલે, ૨૧ જુનના ૨૦૨૦નું પ્રથમ સૂર્ય ગ્રહણ યોજાશે

## આ સૂર્યગ્રહણ ઉત્તર ભારતના મોટાભાગના શહેરોમાં દેખાશે


ગાંધીનગર, તા. ૧૯

આ પ્રકારનું સૂર્યગ્રહણ ચમકદાર રીંગ બનાવે છે. રવિવારે, આ ગ્રહણ ૯:૧૫ વાગ્યે શરૂ થશે અને બપોરે ૩:૦૪ મિનિટ ઉપર પુણ થશે. આ ગ્રહણ ૬ કલાક સુધી ચાલશે. આ ગ્રહણ ગાંધીનગરમાં લગભગ ૭૭% દેખાશે. ભારતના કુરૂક્શેત્રના વિસ્તારમાં આ ગ્રહણ સૌથી વધારે અને સુંદર દેખાશે. આ ગ્રહણ ભારતમાં દેખાશે અટલે આનો સુતક કાળ ૨૦ જુન રાત્રે ૯:૫૨ થી શરૂ થશે અને ૨૧ જુન બપોરે ૩:૪૯ મિનિટ પર પૂર્ણ થશે. આના



પછી ભારતમાં બીજું સૂર્યગ્રહણ ૧૧ વર્ષ પછી આવશે. આ સૂર્યગ્રહણની ખાસ પ્રકારના ચશ્મા વગર ના જોઈ શકાય.

# જેસીઆઈ દ્વારા યુવાનો માટે કેરિયર ગાઈડન્સ વેબીનાર




ગાંધીનગર, તા. ૧૯

જેસીઆઈ ગાંધીનગર દ્વારા કેરિયર ગાઈડન્સ વેબીનાર યોજવામાં આવ્યો હતો. તેમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સ્પીકર્સ ડૉ. કૃતિ પટેલે તેમની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને કઈ લાઈન લેવી તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓ તેમની ઉજ્જવળ કારકિર્દી બનાવી આગળ વધી શકે. આ કાર્યક્રમનું આયોજન પ્રોજેક્ટ ચેરમેન જે સી મહર્ષિ દવે અને વી.પી. ટ્રેનિંગ જેસી ડૉ. દિશા પોપટ દ્વારા કરવામાં આવ્યું હતું.

તેમાં જેસીઆઈના સભ્યો ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. તો જેસીઆઈના પૂર્વ પ્રમુક સુનિલ ગંગવાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખ પદ્મસિંહ ચૌહાણ અને સેક્રેટરી વિવેકસિંહ ચૌહાણ દ્વારા સંસ્થા યુવાનો માટે હરહંમેશ આવા કાર્યક્રમો કરતી રહેશે તેમ જણાવ્યું હતું. તેવું મીડિયા કન્વીનર સંકેત ગૌરે જણાવ્યું હતું.

# નિસર્ગ સાયન્સ સેન્ટરનાં ફેસબુક પેજ પર સૂર્યગ્રહણ લાઈવ નિહાળી શકાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ વૈજ્ઞઆનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન પોતાની વિવિધ ખગોલીય ઘટનાઓ નિહાળવાનો અને તેની પાછળનાં વૈજ્ઞાનિક મહત્ત્વને સમજાવવાનો પ્રયાસ પણ કરવામાં આવે છે.

ભારતમાં તા. ૨૧મી જૂન, ૨૦૨૦નાં રોજ એન્યુલર સૂર્યગ્રહણ દેખાવાનું છે. સૂર્યગ્રહણ સાથે કેટલીક અવૈજ્ઞાનિક અંધશ્રદ્ધા જોડાયેલી છે. હકીકતમાં આ એક ખગોળીય ઘટના છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવાથી આંખોને નુકશાન થઈ શકે છે. એટલે ગ્રહણ જોવા માટે ખાસ પ્રકારનાં ચશ્માનો ઉપયોગ કરવો જોઈએ. પીનહોલ કેમેરા કે આરસની તકતીનો ઉપયોગ કરી દીવાલ પર પ્રતિબિંબ પાડીને સૂર્યગ્રહણ જોઈ શકાય છે. ગાંધીનગરમાં આ ખગોળીય ઘટના સવારે ૧૦.૦૪ થી ૧.૩૨ સુધી દેખાવાની છે.

વિદ્યાર્થીઓમાં તથા ખગોળમાં રસ ધરાવતાં લોકોમાં આ ઘટના જોવા માટેનો ખુબ ઉત્સાહ છે. હાલની કોરોનાની મહામારીને કારણે સરકારની સૂચના અનુસાર નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ સમગ્ર ઘટના પોતાના ફેસબુક પેઈઝ પર લાઈવ દેખાડાશે. જો વાદળ છાયું વાતાવરણ હશે તો ઘટના જોઈ શકાશે નહીં.

વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટરનાં કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા (મો. ૯૪૨૬૪ ૫૧૧૦૨) અથવા શિવાંગ પટેલ (મો. ૯૦૯૯૩ ૮૨૯૩૬) પર સંપર્ક કરવો.

# ફાયર એન્જીનિયરીંગ કરવા માટે શું કરવું? નોકરીના શું વિકલ્પો હોય છે



**કરિયર કોર્નર**
**કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમમંચ**
**હાર્દિક કે પરીખ**

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય અને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. ફાયર એન્જીનિયરીંગ કરવા માટે શું કરવું?તે કર્યા બાદ નોકરીના શું વિકલ્પો હોય છે.**

**ચિંતન પટેલ, જુનાગઢ**

આપે ખૂબ જ સરસ અને ઉપયોગી પ્રશ્ન કરેલ છે.આજના વિદ્યાર્થીઓમાં આ વિષય વિષે ઘણી ઓછી માહિતી હોય છે. ફાયર એન્જિનિયરિંગની વાત કરીએ તો એ એક મુશ્કેલ સાથે સાથે જરૂરી અને અને આપની મહેનત માંગી લેનાર ક્ષેત્રોમાંનું એક છે જે આગની સાથે જોડાયેલ છે. તે એક જોખમરૂપ તો છે જ પણ આપની પૂરી યોગ્યતા તપાસનાર વ્યવસાય છે જેને જાહેર સેવાઓ માટે પ્રતિબદ્ધતાની તીવ્ર સમજની જરૂર છે. તે આગના પ્રકોપથી તમામ જીવંત પ્રાણીઓ અને ઈમારતોની સુરક્ષા સાથે સંબંધિત છે. ફાયર એન્જિનિયરને બને તેટલી ઝડપથી બદલાવને અનુકૂળ થવું પડે છે. ફાયર એન્જિનિયરિંગમાં વ્યક્તિને આપાતકાલીન ક્ષેત્ર માં કેવી રીતે કામ કરવું,ઝડપી નિર્ણય કેવી રીતે લેવા અને સલામતી માપદંડ પૂરા પાડીને અને જીવનધોરણના



પરિમાણો ને નજર માં રાખી ને નિર્ણય લેવાની શક્તિ પ્રદાન કરે છે. તે કોઈને અગ્નિની ઘટના અને તેના પ્રભાવને સમજવામાં મદદ કરે છે. આ માટે કરુરી માનસિક યોગ્યતાની વાત કરીએ તો સારી વાતચીત કુશળતા, સંસ્થાનોની ક્ષમતા પરિસ્થિતિઓના મૂલ્યાંકનમાં કુશળતા, ઝડપી નિર્ણયો લેવા અને સમસ્યાઓ હલ કરવા, નેતૃત્વની ગુણવત્તા અને તે જ સમયે ટીમના સભ્ય તરીકે કાર્યરત જેવી લાયકાત હોવી આવશ્યક છે. અન્ય ગુણોમાં કોઈપણ સંજોગોમાં સમસ્યાનો સામનો કરવા માટે શારીરિક ચપળતા અને માનસિક કુશળતા બંને શામેલ છે.શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે ફાયરએન્જીનિયરીંગ માં પ્રવેશ માટે બી.એસ.સી ફિઝીક્સ અને કેમેસ્ટ્રી સાથે તથા ફાયર સેફ્ટી કોલેજ માં ફાયર એંજિનિયરની ડિગ્રી મેળવીને પ્રવેશ મેળવી શકો છો તથા આપ આ ક્ષેત્ર માં ડિપ્લોમા કરીને પણ આગળ વધી શકો છો.આ ક્ષેત્ર માં શારીરિક લાયકાત જેમ કે જરરી ઊંચાઈ,વજન, છાતી પણ જરૂરી પાસું છે જે આપે ધ્યાન રાખવા લાયક બાબત છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. અંગ્રેજી કન્ટેન્ટ રાઇટરનું કામ શું હોય છે ? લાયકાત વિષે માહિતી આપવા વિનંતી.**

**- ચેતના જોષી, ગાંધીનગર**

અંગ્રેજી કન્ટેન્ટ રાઇટરના કામ ની વાત કરીએ તો વિવિધ વેબ પોર્ટલ્સ માટે વેબસાઈટ કન્ટેન્ટનું સંચાલન કરવાની જવાબદારી, કન્ટેન્ટ અને વિશેષ લેખને અપડેટ કરવા માટે નિયમિત રિસર્ચ અને વાંચન. કન્ટેન્ટનું પ્રૂફ રિડિંગ અને



એડિટિંગ , મૂળ કન્ટેન્ટ તૈયાર કરવું/ ફરી લખવું, વિવિધ ડિલિવરી પ્લેટફોર્મ્સ માટે કન્ટેન્ટ અલગ અલગ પ્રકારે તૈયાર કરવું , કન્ટેન્ટની જાળવણી અને નવું કન્ટેન્ટ તૈયાર કરવું પ્રેસ રિલિઝ, કન્ટેન્ટ એકત્ર કરવું, સેવાઓનું વિવરણ વગેરે સહિતની કામગીરીની જરૂરિયાત પ્રમાણે બહારની એજન્સીઓ સાથે સંપર્કમાં લઈને કામ લેવું. પ્રોજેક્ટની જરૂરિયાત પ્રમાણે કન્ટેન્ટમાં રિસર્ચ, રૂપાંતરણ અને જાળવણી કરવી તેમજ ડેટા રેકોર્ડ્સ રાખવા, ગુણવત્તા જળવાઈ રહે તે રીતે સમયસર કન્ટેન્ટને વેબસાઈટ પર મુકવું અથવા જવાબદાર ટીમ સાથે ગુણવત્તાના માપદંડો જળવાય તે રીતે તાલમેલ બેસાડીને કન્ટેન્ટ તૈયાર કરવું તથા વેબસાઈટ પર મુકવામાં આવેલા કન્ટેન્ટની લિન્કની ગુણવત્તા અને ઉપલબ્ધતાની ખાતરી કરવી વગેરે કામ આપ ને આપવામાં આવી શકે છે. લાયકાત ની વાત કરીએ તો સ્નાતક/અનુસ્નાતક (અંગ્રેજી ભાષા/સાહિત્ય અથવા કમ્યુનિકેશન્સ/પત્રકારત્વને પ્રાધાન્ય) આવશ્યક, લેખન, એડિટિંગ અને લેખિત તેમજ મૌખિક કમ્યુનિકેશનમાં ખૂબ સારી અભિવ્યક્તિની આવડત – અંગ્રેજીમાં તેમજ હિન્દી(પ્રાધાન્ય)માં હોવી જરૂરી છે. પ્રિન્ટ અને જાહેરખબર ક્ષેત્રમાં કામ કર્યું હોય તો પ્રાધાન્યતા આપવામાં આવે છે. એમબીએ/ જર્નાલિઝમનો અભ્યાસ કર્યો હોય તેવા ઉમેદવારને પહેલી પસંદગી આપવામાં આવે છે.જરૂરિયાત પ્રમાણે ટીમનું નેતૃત્વ અને સંચાલન કરવાની ક્ષમતા હોવી જરૂરી.સારું જ્ઞાન અને બહોળું વાંચન હોવું પણ જરૂરી પાસા માં સમાવેશ પામે છે.આમ આપ આ જરૂરી પાસાનો અભ્યાસ કરી ને પ્રવેશ મેળવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. મે ૧૨ આટ્સની પરીક્ષા આપી છે.હવે મારા માટે આગળ વધવાના કયા વિકલ્પો રહેલા છે.માહિતી આપશો.**

**નિલેષ પરમાર, દાહોદ**

નિલેષ, ધોરણ ૧૨ આટ્સ પછી ઘણા વિકલ્પ આપના માટે છે.પણ આપણે મહત્વ ના વિકલ્પો વિષે વાત કરીએ તો ૧૨ આટ્સ પછી બી.એ. કરી શકો છો.એમાં પણ આપ આપના મનપસંદ ક્ષેત્ર જેવા કે સંગીત,પરફોર્મિંગ આર્ટસ, સાહિત્ય વિગેરેમાં પ્રભુત્વ મેળવી શકો છો. ત્યાર બાદ એમ.એ કરી શકો છો.બીજો મહ્ત્વનો વિકલ્પ વિચારીએ તો બી.એ – એલ.એલ.બી સાથે પાંચ વર્ષનો કોર્સ કરી શકો છો.જે આપ એન.એલ.યુ એટ્લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી કરી શકો છો. તે માટે આપ સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા આપી શકો છો.અન્ય વિક્લ્પ ની વાત કરીએ તો માસ કોમ્યુનિકેશન , જર્નલિસ્મ અથવા



મિડિયામાં પણ જઈ શકો છો.જે માટે આપ દિલ્હી યુનિવર્સિટી અથવા સેંટ ઝેવિયર્સ, મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પણ કરી શકો છો. તેમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. હોટલ મેનેજમેંટ પણ એક સારો વિકલ્પ બની શકે છે જો આપ એ ક્ષેત્ર માં જવા માંગતા હોય તો. એ માટે આપ એન.સી. એચ.એમ.સી.ટી.જે.ઈ.ઈ ની પરીક્ષા આપી આઈ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાં પણ એડ્મીશન લઈ શકો છો.આ સિવાય અન્ય એક વિક્લ્પ તરફ છે લિબરલ સ્ટડીઝ જે તમે એફ.એલ.એ.એમ.ઈ અને ગાંધીનગર સ્થિત પી.ડી.પી.યુ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાંથી પણ કરી શકો છો. લિબરલ સ્ટડીઝ જો પ્રતિષ્ઠિત કોલેજમાંથી કરવું હોય તો આપને પ્રવેશ પરીક્ષા આપવી પડશે. જણાવેલા વિકલ્પો ઉપરાંત પણ ઘણા વિકલ્પ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

ઈમેલ:questions.career corner@ mail.com


વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercorner

# 'યોગ કરીશું, કોરોનાને હરાવીશું' જનજાગૃતિ અભિયાન

**રોગ પ્રતિકારક શક્તિ વધારવા ભારતીય સંસ્કૃતિની વિશ્વને અમુલ્ય ભેટ એવા યોગ-પ્રાણાયમ કરીએ : યોગ પારંગત પૂજા પટેલ**

મહેસાણા, તા. ૧૯

મુખ્યમંત્રી દ્વારા ૨૧ જુન વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે યોગ કરીશું,કોરોનાને હરાવીશું' જનજાગૃતિ અભિયાન શરૂ કરાવ્યું છે. રાજ્યમાં આ અભિયાનને બહોળો પ્રતિસાદ મળ્યો છે. મહેસાણા જિલ્લામાં પણ જિલ્લા વાસીઓ દ્વારા કોરોના મહામારીને પરાસ્ત કરવાનો યોગ દ્વારા નિર્ધાર કર્યો છે.ત્યારે યોગમાં પારંગત મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના અંબાલા ગામની પૂજા પટેલે યોગ કરી કોરોનાને હરાવવાનો નિર્ધાર વ્યક્ત કરી રાજ્યના નાગરિકોને પણ યોગ કરવા પ્રેરણા આપી છે. મહેસાણા જિલ્લાની પૂજા પટેલ નાનપણથી પિતા યોગ ટ્રેનર હોવાના પગલે યોગથી પ્રેરાઇ હતી.પૂજા પટેલ દ્વારા યોગના સતત અભ્યાસ બાદ જિલ્લાને પણ યોગ ક્ષેત્રે ગૌરવ અપાવ્યું છે.યોગ સ્પર્ધામાં મિસ વર્લ્ડ યોગીની ચાર વખત અને મિસ ઈન્ડિયા યોગીની ૧૮ વખત બની છે.આ ઉપરાંત યોગ ક્ષેત્રે સ્કુલ ગેમ,ઓપન ગેમ અને ખેલ મહાકુંભમાં ૯૨ મેડલ અને ૧૩૯ ટ્રોફી મેળવી છે.



અંબાલા ગામની પૂજા પટેલે પ્રાથમિક શાળા કક્ષાએ બ્લોક લેવલ પીટી કોમ્પીટેશમાં સતત આઠ વાર પ્રથમ નંબરે,જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રીક લેવલ પીટી કોમ્પીટેશનમાં સતત ત્રણ વાર પ્રથમ નંબરે અને ઝોનલ લેવલે સતત ત્રણ વાર યોગાસનમાં પ્રથમ નંબર મેળવ્યો છે.

પૂજાએ રાજ્ય કક્ષાએ પણ સતત આઠ વાર પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.આ ઉપરાંત સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા,યોગા ફેડરેશન ઓફ ઈન્ડિયા,ગુજરાત સ્ટેટ યોગાસન ચેમ્પીયનશીપ સ્પર્ધા, ઈન્ડિયા યોગ ચેમ્પીયનશીપ સ્પર્ધા,ખેલ મહાકુંભ સ્પર્ધા,યોગા ઈન્ટરેનેશનન એન્ડ એવોર્ડ ઈવેન્ટ પાર્ટીસીપન્ટ સ્પર્ધા, જીમ્ના સ્ટીક સ્પર્ધા સહિત અનેક યોગની સ્પર્ધા અને હરીફાઈમાં વિજેતા બની જિલ્લા,રાજ્ય અને દેશને ગૌરવ અપાવ્યું છે.પૂજાએ વિવિધ ૧૫૭ થી પણ વધુ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા બની છે. 'યોગ કરીશું,કોરોનાને હરાવીશું' જનજાગૃતિ અભિયાન પૂજા પટેલે જણાવ્યું હતું કે કોરોનાની આ વૈશ્વિક મહામારીને નાથવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારવા ભારતીય સંસ્કૃતિની વિશ્વને અમુલ્ય ભેટ એવા યોગ-પ્રાણાયમએ તાતી જરૂરીયાત છે. તેણે જણાવ્યું હતું કે કોરોના સામેની લડાઈમાં યોગ એ ખુબજ શક્તિશાળી અમોધ શસ્ત્ર છે દેશના પ્રધાનમંત્રીશ્રી દ્વારા વિશ્વ આખામાં યોગની મહત્તા ઉજાગર કરતા યોગ દિવસની ઉજવણી માટે સમગ્ર વિશ્વને પ્રેરીત કર્યુ છે ત્યારે આપણે પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા યોગ કરીશું કોરાનાને હરાવીશું અભિયાનને સાર્થક કરવું જઈએ તેમ જણાવ્યું હતું,.

મહેસાણા જિલ્લા વાસીઓ પણ યોગ,પ્રાણાયામ અને આર્યુવેદનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે. કોરાનાને નાથવા માટે મહેસાણા જિલ્લા વાસીઓ પણ #DoYogaBeat Croona સાથે યોગાસનનો ફોટો પોસ્ટ કરી કોરાનાને પરાસ્ત કરવા કટિબધ્ધ બન્યા છે.

# જન્મદિને વધામણી



અમૃતભાઈ ભીલ
મો. ૯૭૨૬૬ ૫૦૫૨૩



અલકેશકુમાર સોમાલાલ મોદી
મો. ૯૯૭૯૪ ૨૯૦૨૯



રંજનબેન જિતેન્દ્રભાઈ દરજી



વીણા મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૯૯૭૯૮ ૪૦૫૬૬



હિમાંશુ ભચેચ
મો. ૭૬૦૦૦૬૭૫૧૬



નારાયણભાઈ શકરાભાઈ પ્રજાપતિ



યશકુમાર મનોજકુમાર જોષી



હેત્વી કનુજી ઠાકોર
મો. ૯૮૯૯૮ ૮૧૮૯૯



હિતાયુ ભાવેશ પ્રજાપતિ



વાઘેલા જયદિત્યસિંહ જયપાલસિંહ